બનાસકાંઠા જિલ્લાને જુડો કરાટેમાં નેશનલ લેવલે ગોલ્ડ મેડલ મેળવીને હિરલ વ્યાસે ગૌરવ વધાર્યુ

પાલનપુર, તા. ૧૬

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતે રહેતા સંજયભાઈ વ્યાસની પુત્રી કુ. હિરલ વ્યાસે જે. પાલનપુરની વિદ્યામંદિરમાં અભ્યાસ કરે છે. જેની લગન અને પરીવારના પ્રોત્સાહનના કારણે જુડો કરાટેમાં હિરલે હીર ઝળકાવીને જિલ્લાને નવા બ્રહ્મસમાજનું ગૌરવ વધાર્યું હતું.

કુ. હિરલ સંજયકુમાર વ્યાસે પૂના (મહારાષ્ટ્ર) મુકામે ૧૨ જાન્યુઆરી-૨૦૧૩ના રોજ રમાયેલ બીજી નેશનલ કરાટે ચેમ્પીયનશીપમાં ગ્રુપ ફાઈટમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરીને પાલનપુરનું અને બ્રહ્મસમાજનું શાળાનું ગૌરવ વધારેલ છે. હિરલ વ્યાસે તેના અથાગ પરિશ્રમથી ડિસેમ્બર-૨૦૧૨માં રમાયેલ જિલ્લાકક્ષાની ચેમ્પીયનશીપમાં પણ હિરલ વ્યાસે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ છે. તેમજ ૨૦૧૨માં કર્ણાટકના હુબલી ખાતે રમાયેલ નેશનલ કરાટે ચેમ્પીયનશીપ પણ સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો છે. જ્યારે આ વર્ષે નેશનલમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરીને ગૌરવ પ્રાપ્ત કરેલ છે. હિરલ વ્યાસના કોચ જયેશભાઈ પ્રજાપતિનું મુખ્ય યોગદાન છે. દિલ્હી ગેંગરેપની ઘટના બાદ મહિલાઓ અસુરક્ષીત બની હોવાનો અહેસાસ કરતી થવા લાગી હતી. અને પોતાની સુરક્ષા કાજે દેશના અલગ અલગ વિસ્તારોમાં યુવતીઓ કરાટે શીખવા લાગી છે. જ્યારે પાલનપુર નગરપાલિકામાં કર્મચારી તરીકે ફરજ બજાવે છે પણ આ મધ્યમ કર્મી સંજય વ્યાસે પોતાની પૂત્રી હિરલની ધગશને પારખીને તેના પરીવાર દ્વારા પ્રોત્સાહીત કરાતાં હીરલનું હીર ઝળકી ઉઠ્યું. દરેક વાલીએ હીરલના પિતાની જેમજ પોતાની દીકરીને પ્રોત્સાહીત કરીને મજબુત બનાવવાની જરૂર છે. હિરલ જેવી યુવતીએ કરાટેમાં નામના પ્રાપ્ત કરીને નારી જાતીનું મનોબળ વધાર્યું છે.

હિંમતનગરના ધારાસભ્યએ લોકસંપર્ક શરૂ કર્યો

હિંમતનગર, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાની ૭ વિધાનસભા બેઠકોપૈકી ૬ બેઠકોઉપર કોંગ્રેસના ધારાસભ્યો ચૂંટાઈ આવતાં કોંગ્રેસમાં નવુ જોમ પુરાયુ છે. તેની સાથે ચૂટાયલા કોંગ્રેસના ધારાસભ્યો

પણ લોકોના કામો કરવા તત્પર બન્યા છે. જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર બેઠક ઉપરથી ચુંટાઈ આવેલા ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ લોક સંપર્ક શરૂ કરી દીધો છે. અને તેમણે જુના સર્કિટ હાઉસ ખાતે લોકસંપર્કના પ્રથમ દિવસ મંગળવારે સેકડો લોકાના પ્રશ્નો સાંભળી તેમના નિરાકારણ માટે પ્રયાસો હાથ ધર્યા હતા.

વિધાનસભાની ૬ બેઠકો ઉપર કોંગ્રેસના ઉમેદવારો વિજયી બન્યાબાદ ચુંટાયેલા ધારાસભ્યએ પ્રજાની અપેક્ષાઓ અને તેમના ઉપર મુકેલા વિશ્વાસ ઉપર ખડા ઉતરવા કમર કસી હોય તેવુ જણાઈ રહયુ છે. કોંગ્રેસના ચૂંટાયેલા તમામ ધારાસભ્યો લોકહિતના કાર્યોમાં જોતરાઈ ગયા છે. લોકોનો સંપર્ક કરી તેમના પ્રશ્નો સાંભળી તેના નિરાકણ માટે પ્રયાસો કરી રહયા છે. હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા ચુટાયા બાદ તેમના મતવિસ્તારનો પ્રવાસ પૂરો કરી ઉતરાય પર્વના બીજા દિવસથી હિંમતનગર ખાતે આવેલા સર્કિટ હાઉસમાં આખો દિવસ લોકોના પ્રશ્નો સાંભળી તેના નિવારણ માટેના પ્રયાસો કર્યા હતા. તેઓ નિયમિત પણે જુના સર્કિટ હાઉસમાં રોજે-રોજ લોકોને મળી લોકોના પ્રશ્નો ને વાચા આપશે. તેમજ વિકાસ કામોને વેગ આપવા પ્રયાસ કરશે.

શબ્દાવલી - ૪૯૫૩



આડી ચાવી

૧. ધમાચકડી, ઘસારો (૪)
૪. વરસાદમાં લોકો રંગબેરંગી... ઓઢે (૨)
૫. ચામડાનો વેપાર કરતી વ્યક્તિ (૩)
૬. હિંચકો, પાટ (૨)
૮. કુશળતા સાથે (૪)
૧૦. જમીન ખોદવાનું સાધન (૩)
૧૧. મોકો, લાગ (૨)
૧૨. મોટેથી અવાજ કરી રોવું તે (૨)
૧૩. પ્યાલો (૨)
૧૪. તલવાર (૪)
૧૭. પ્યાર, પ્રીત (૨)
૧૮. એક પ્રકારનું ઘાસ જેનો ઉપયોગ ગ્રહણ વખતે ખુબ થાય (૩)
૨૦. દહેજ, દાયકો (૩)
૨૧. દોરડા વગેરે પર ચાલીને ખેલ કરનાર (૨)

ઊભી ચાવી

૧. સંધ્યા કે રાત્રિના સમયે ખાટુ ખાવાથી... આવે તેવી માન્યતા (૪)
૨. નવા જમાનામાં મમ્મીને... કહે છે (૨)
૩. સત્ત્વ, સારાંશ (૨)
૪. દાવપેચ, જાળ (૩)
૬. પર્સનલ, ખૂબ જરૂરી (૨)
૭. પ્રપંચ, કૂડકપટ (૫)
૯. એકમ-દશક... (૩)
૧૨. ઓણ નહિ..., આપતી (૨)
૧૪. સખી, બહેનપણી (૩)
૧૫. વૉટ (૨)
૧૬. આકાશ, નભ (૨)
૧૮. કર, વેરો (૨)
૧૯. ગેરપ્રવૃત્તિ કરનાર સરદાર (૨)

શબ્દાવલી ૪૯૫૨ના જવાબ

આડી ચાવી :- (૧) નરપિચાશ (૪) જસ (૫) હલાવવું (૭) બંદુક (૧૦) ખોજ (૧૨) કોલ્હાપુરી (૧૪) નકાર (૧૫) રતન (૧૭) વાળ (૧૮) રસમલાઈ (૨૧) વાંસ (૨૨) દુમ (૨૩) મસકો

ઊભી ચાવી :- (૧) નરબંકો (૨) ચાહ (૩) સલાખો (૪) જવુ (૬) વજન (૮) દુલ્હા (૯) કપુર (૧૧) કાર (૧૩) રીતરસમ (૧૬) નસ (૧૭) વાસીદુ (૧૯) મટકો (૨૦) ઈરાદો

ગુજરાત વિધાનસભાનું ટૂંકુ સત્ર ૨૨-૨૩મીએ યોજાશે

૨૨મીએ ધારાસભ્યોની શપથવિધિ તથા ૨૩મીએ ગૃહના અધ્યક્ષની ચૂંટણી થશે : બજેટ સત્રને લઇને પણ તૈયારીઓ

અમદાવાદ, તા.૧૬

ગુજરાત વિધાનસભાની તાજેતરમાં સમ્પન્ન થયેલી ચૂંટણીમાં વિજેતા ઉમેદવારોને ધારાસભ્ય તરીકેના શપથ લેવરાવવા તથા ગૃહના અધ્યક્ષની ચૂંટણી યોજવા વિધાનસભાનુંબેદિવસનું ટૂંકુ સત્ર તા.૨૨મી અને ૨૩મી જાન્યુઆરીના રોજ મળશે.

ગુજરાત વિધાનસભાના સૂત્રોના જણાવ્યા અનુસાર બે દિવસના આ ટૂંકા સત્રમાં ૨૨મીએ ચૂંટાયેલા ધારાસભ્યોને ગૃહના કાર્યકારી અધ્યક્ષ ધારાસભ્યપદના શપથ લેવરાવશે જ્યારે ૨૩મી જાન્યુઆરીના રોજ ગુજરાત વિધાનસભા ગૃહના અધ્યક્ષની ચૂંટણી યોજવામાં આવશે જેમાં હાલના કાર્યકારી અધ્યક્ષ વજુભાઈ વાળાને જ અધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવશે. વિધાનસભાના બે દિવસના આ ટૂંકા સત્રમાં કેટલીક અનિવાર્ય ઔપચારિકતા પૂર્ણ કર્યા બાદ સંભવતઃ ૨૫મી ફેબ્રુઆરીએ અંદાજપત્ર સત્ર મળશે. ૨૯મી માર્ચ સુધી ચાલનારા આ બજેટ સત્રમાં નાણાંમંત્રી નીતિન પટેલ તેમનું પ્રથમ બજેટ રજુ કરશે તેમ પણ સૂત્રોએ જણાવ્યુ હતુ. દરમિયાન મુખ્યમંત્રીના નિકટવર્તી વર્તુળોના જણાવ્યા અનુસાર વિધાનસભાના સત્ર અગાઉ વિધાનસભા શાસક પક્ષના દંડક તથા ઉપદંડક વગેરેની પણ જાહેરાત કરી દેવામાં આવશે.



પંડિત દિનદયાલ પેટ્રોલીયમ યુનિવર્સિટી ખાતે યોજાયેલ ગ્લોબલ એકેડમીક કોન્ફરન્સ દરમ્યાન એનસીસી ગુજરાતના વિદ્યાર્થીઓએ કોન્ફરન્સમાં ભાગ લેવા આવેલા ફોરેન યુનિવર્સિટીના નિષ્ણાતો સાથે ચર્ચા કરી હતી અને ઈન્ટરનેશનલ એકેડેમીક ઈન્સ્ટીટ્યૂટન્સમાં રહેલી તકો અંગે માહિતી મેળવી હતી.

પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની ૧૯મીએ બેઠક મળશે

ગાંધીનગર, તા. ૧૬

પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની ૧૯મીએ મળનારી બેઠકમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

તાજેતરમાં જ યોજાયેલી વિધાનસભાની ચૂંટણીઓમાં ભાજપે ભવ્ય વિજય મેળવ્યા બાદ હવે ફેબ્રુઆરી માસમાં યોજાનારી બે જિલ્લા પંચાયત ૨૦ તાલુકા પંચાયતો અને ૭૭ જેટલી નગરપાલિકાઓની ચૂંટણીમાં વિજય મેળવવા માટે ભાજપે કવાયત આરંભી દીધી છે.

જિલ્લા તાલુકા અને નગરપાલિકાઓની ચૂંટણીઓ પક્ષના લેબલ ઉપર લડાતી હોઈ આગામી માસમાં યોજાનારી બે જિલ્લા ૨૦ તાલુકા પંચાયતો અને ૭૭ નગરપાલિકાઓની ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા ૧૯મીથી હાથ ધરવામાં આવનાર છે.

૧૯મીએ પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી. ફળદુની અધ્યક્ષતામાં પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મળનારી છે. આ બેઠકમાં ચૂંટણીવાળા જિલ્લા તાલુકા અને નગરપાલિકા વિસ્તારના ભાજપ સંગઠનના આગેવાનો સાથે બેઠક કરીને સંભવીત ઉમેદવારોના નામો અંગે ચર્ચા વિચારણા કરીને અભિપ્રાયો મેળવવામાં આવશે.

જિલ્લા સંગઠનના આગેવાનો પાસેથી અભિપ્રાયો મેળવવામાં આવ્યા બાદ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા સંભવીત ઉમેદવારોના ત્રણ નામોની એક યાદી તૈયાર કરવામાં આવશે અને ત્યારબાદ સ્થાનિક રાજકીય પરિસ્થિતિ અને કોંગ્રેસના સંભવીત ઉમેદવારોના નામોને ધ્યાનમાં રાખીને આખરી ઉમેદવારોની યાદી તૈયાર કરવામાં આવશે.

પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક બે જિલ્લા પંચાયત ૨૦ તાલુકા પંચાયત અને ૭૭ નગરપાલિકાના ઉમેદવારોના નામોની પસંદગી પ્રક્રિયા હાથ ધરવાની હોઈ બે દિવસ ચાલશે.

આ ઉપરાંત રાજ્યની અંદાજે ૧૪૦૦ જેટલી ગ્રામપંચાયતોની પણ ચૂંટણી યોજાનારી છે. જો કે ગ્રામપંચાયતોની ચૂંટણી પક્ષીય રીતે યોજાતી ન હોઈ સૌથી વધુ ગ્રામપંચાયતો સમરસ બનાવવા માટેની વ્યૂહરચના પણ ભાજપ દ્વારા ઘડી કાઢવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ જિતવા માટે ચૂંટણી પ્રચાર સહીતની ચૂંટણી વ્યૂહરચના ઘડી કાઢવામાં આવશે તેમજ ચૂંટણીલક્ષી કાર્યક્રમો પણ ઘડી કાઢવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

(તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

પાલનપુરમાં ઘઉંના ગેરકાયદેસર રીતે લઈ જવાતી ૫૦ બોરીઓ સાથે પીકઅપ ડાલું ઝડપાયું

પાલનપુર, તા. ૧૬

સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનનો પુરવઠાનો હાલની પંડીત દિનદયાલ દુકાનમા ગરીબોના મોં નો કોળીયો કાળાબજારમાં જતો હોવાની વ્યાપક ફરિયાદો વચ્ચે આજે બનાસકાંઠા કલેક્ટર એમ. થેન્નારસનની સૂચનાથી જિ. પુરવઠા અધિ. બી. એસ. પટેલની દોરવણી હેઠળ ચોક્કસ ખાનગી બાતમીના આધારે પાલનપુર પુરવઠા નાયબ મામલતદાર બી.એસ. ખરાડી અને પુરવઠા નિરિક્ષક અંકુર મહિવાલ અને તેમની ટીમે શહેરના ઢુંઢીયાવાડી માલ ગોડાઉનથી પીકઅપ જીપ ડાલામાં ઘઉંની ૫૦ બોરીઓ ભરીને ગેરકાયદેસર રીતે લઈ જવાતો જથ્થો પોલીસે હેડક્વાટર્સ ખાતેથી ઝડપી લેતા કાળાબજારીયા આલમમાં ભારે ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

વિદ્યાર્થીઓને હડતાળની કોઈ જ અસર નહીં થાય

અમદાવાદ રીક્ષા ચાલક એસોસિએશન દ્વારા સીએનજીના ભાવવદારાના વિરોધમાં ગુરુવારથી ૭૨ કલાક મટો હડતાળ ઉપર જવાનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં સ્કૂલ વર્ધી રીક્ષા ચાલકો પણ જોડાય તેવી જાહેરાત રીક્ષા ચાલક મંડળ દ્વારા કરવામાંઆવી હતી. પ્રાથમિક શાલાઓની પરીક્ષાઓમાંસ્કૂલ હડતાળની અસર નહીં થાય કારણ કે રીક્ષા ચાલક એસોસિએશન દ્વારા પરીક્ષાઓ દરમિયાન સ્કૂલ વર્ધી રીક્ષાઓ ચાલુ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

કંપની સમાચાર

હિટાચીના નવનિર્મિત ઉત્પાદન એકમનો કડીમાં પ્રારંભ

હિટાચી એપ્લાયન્સ જાપાનની પેટા કંપની હિટાચી હોમ એન્ડ લાઈફ સોલ્યુશન્સ (ઈન્ડીયા) લિમિટેડે તેના નવનિર્મિત એરકન્ડીશનર ઉત્પાદન એકમ નં.૨ નો ગુજરાતમાં કડી ખાતે આજે ગુજરાતના મુખ્ય પ્રધાન શ્રી નરેન્દ્રના મોદીના વરદહસ્તે પ્રારંભ થયો છે. આ પ્લાન્ટ તા. ૧૮ જૂલાઈ ૨૦૧૨ના રોજ એક મોટી આગનો સંપૂર્ણપણે ભોગ બન્યો હતો. હિટાચીના આ એકમનો સમાવેશ ભારતના સૌથી મોટાં એસી ઉત્પાદન એકમોમાં તથા જાપાનની બહાર એક જ સ્થળે કાર્યરત સૌથી મોટાં હિટાચી એપ્લાયન્સીસનાં ઉત્પાદન એકમોમાં થાય છે.

કંપનીનું આ બીજુ યુનિટ અમદાવાદથી ૪૦ કી.મી. દૂર કડી ખાતે આવેલું છે. આ યુનિટ અંદાજે ૮૫,૦૦૦ ચો.મીય જગામાં પથરાયેલુ છે જેમાંથી ૩૫,૦૦૦ તો. મી. જગામાં ઈન્ડસ્ટ્રીયલ શેડ આવેલો છે., જેનું નિર્માણ માત્ર સાડાપાંચ મહિનાના વિક્રમ સમયમાં કરવામાં આવ્યું છે. આ પ્લાન્ય લટેસ્ટ અને અદ્યતન યંત્રસામગ્રી તથા ટેસ્ટીંગ લેબ તથા ઉત્પાદન પ્રક્રિયાઓ ધરાવે છે પ્લાન્ટની ક્ષમતાવાર્ષિક ૬,૦૦,૦૦૦ યુનિટની છે. અહીં વીન્ડો તેમડસ્લીટ એરકન્ડીશનર, વૉટરફુલ્ડ ચીલ, સેટ ફ્રી (ફ્રન્ટ ફ્લો) અને સ્પેસમેકર (ટેલિકોમ ટાવર વિ.) નું ઉત્પાદન પણ કરશે. સીઝન શરૂ થાય તે પહેલાં પ્લાન્ટનો પ્રારંભ કરીન કંપનીએ એક હકારાત્મક પગલુ ઉઠાવ્યું છે અને હવે કંપની હવે ઉત્પાદન શરૂ કરવા માટે સજ્જ છે.

વાત વિસરાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પોલીસસ્ટેશનની હદ વિસ્તારમાં મોટો તફાવત નહી આવે પરંતુ ડીવીઝન વધવાથી સુપરવિઝન માટે ડીવાયએસપી કક્ષાના અધિકારીમાં વધારો થશે, ઉપરાંત બનાવ બન્યાની ગણતરીની મિનિટોમાં પહોંચવા પોલીસ સક્ષમ થઈ શકશે. આ માટે તત્કાલીન જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા જિલ્લા પોલીસને ત્રણ ડિવીઝનમાં ભાગ પાડવા પ્રપોઝલ તૈયાર કરી મોકલી આપી હતી. જેમાં કલોલ ડીવીઝન, ગાંધીનગર શહેર (સીટી) ડીવીઝન અને ગાંધીનગર ગ્રામ્ય (રૂરલ) ડીવીઝન એમ ત્રણ ભાગ પાડવાનું સુચન થયું હતું. કલોલ ડીવીઝનમાં અડાલજ, માણસા, કલોલ શહેર અને કલોલ ગ્રામ્ય પોલીસમથકોનો સમાવેશ થાય છે. ગાંધીનગર ડિવીઝનના બે ભાગલા પાડવા ગાંધીનગર શહેર અને ગ્રામ્યની પ્રપોઝલમાં બીજા પોલીસ સ્ટેશનનો સમાવેશ કરવા રજુઆત થઈ હતી. જેમાં ગાંધીનગર શહેરમાં ઈન્ફોસીટી, સેક્ટર-૭, સેક્ટર-૨૧ અને મહિલા પોલીસ સ્ટેશન જ્યારે ગાંધીનગર ગ્રામ્ય ડિવીઝનમાં પેથાપુર, ચિલોડા, દહેગામ, રખિયાલ અને ડભોડા પોલીસ સ્ટેશનને સમાવી લેવા પ્રપોઝલ મુકવામાં આવી હતી. જો કે આ પ્રપોઝલને રજુ કર્યે એક વર્ષથી વધુ સમય વિતી ગયો હોવા છતાં હજુ સુધી આ મામલે કોઈ હિલચાલ થવા પામી નથી કે કોઈ નિર્ણય પણ લેવામાં આવ્યો નથી.

જાહેરાત

કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, બ્લોક નં. ૧૧/૩જો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતેની કચેરીમાં એસ.જી.એફ.આઈ. દ્વારા યોજાતી રમતગમતની વિવિધ સ્પર્ધાઓના આયોજન-સંચાલન માટે નીચે મુજબના કર્મચારીઓને ૧૧ માસના કરાર આધારિત ફિક્સ પગારથી નિમણુંક આપવા માટે ઈચ્છુક ઉમેદવારો પાસેથી અરજીઓ માંગવામાં આવે છે. જરૂરી શૈક્ષણિક લાયકાત, અનુભવ, કોમ્પ્યુટરની જાણકારી ધરાવનાર ઈચ્છુક ઉમેદવારોએ તા. ૧૯/૧/૨૦૧૩ સુધીમાં તેમની અરજી આ કચેરીને મોકલી આપવાની રહેશે.

કમ	જગ્યાનું નામ	શૈક્ષણિક લાયકાત	ફિક્સ પગાર	સંખ્યા
૧	પ્રોજેક્ટ ઓફિસર	ડી.પી.એડ.	રૂ. ૬,૦૦૦/-	૧
૨	સિનિયર ક્લાર્ક	સ્નાતક	રૂ. ૪,૫૦૦/-	૧
૩	જુનિયર ક્લાર્ક	ધોરણ-૧૨	રૂ. ૪,૫૦૦/-	૧

સહી/- (રાજેશ માંજુ)
કમિશનર, યુવક સેવા અને
માહિતી/૨૦૨૮/૧૨/૧૩ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર

નાના અને મધ્યમ ઉદ્યોગ સાથે સંકળાયેલા ૧૬ દેશોના પ્રતિનિધિઓએ અમદાવાદ જિલ્લાની મુલાકાત લીધી

અમદાવાદ, તા.૧૬

ઈન્ટરનેશનલ ટ્રેઈનીંગ ફોર આંત્રપ્રેનીયરશીપ એન્ડ પ્રમોશન ઓફ ઈન્કમ જનરેશન એકટીવીટ વિષય અંગે વિવિધ સરકારી વિભાગો સાથે સંકળાયેલા વિદેશી પ્રતિનિધિઓ અને આંતરરાષ્ટ્રીય એન.જી.ઓ. ના ૧૬ દેશોના પ્રતિનિધિઓએ તાજેતરમાં અમદાવાદ જિલ્લા પંચાયતની મુલાકાત લીધી હતી.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી બંછાનિધિ પાનીએ અમદાવાદ જિલ્લામાં ગ્રામ વિકાસની યોજનાઓ અને ગરીબી નિવારણ ક્ષેત્રે અમલમાં મુકાયેલ રોજગારલક્ષી તેમજ શિક્ષણ, આરોગ્ય, સહકાર અને સુક્ષ્મધિરાણ વિગેરેની વિસ્તૃત સમજ વિદેશી પ્રતિનિધિઓને આપી હતી.

વિદેશી પ્રતિનિધિઓએ અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાના પાલડી કાંકજ ગામે મિશન મંગલમ્ યોજના હેઠળ કાર્યરત જય સાંઈ સખી મંડળ, હિંગળાજ સખી મંડળ, શિવમ સખી મંડળ બહુચરમા સખી મંડળ, ખોડીયારમા સખી મંડળની કામગીરીનું નિરીક્ષણ કરી બી.પી.એલ. મહિલાઓ અગરબત્તીનો ગૃહ ઉદ્યોગ હાથ ધરી કેવી રીતે ઉપાર્જન કરે છે તેની માહિતી મેળવી હતી. પ્રતિનિધિ મંડળે કાંકજ ગામની ગૌશાળાની મુલાકાત પણ લીધી હતી.

આ પ્રતિનિધિ મંડળમાં દક્ષિણ આફ્રિકા, યુગાન્ડા, શ્રીલંકા, કેન્યા, થોપીયા, ઝીમ્બાબ્વે, બાંગ્લાદેશ, બોસ્ટવાના, રશિયા ઉઝબેકિસ્તાન, ગ્યુઈનેવા બિસાઉ, ઈવોરી કોસ્ટ, ડી.આર. કોંગો, મ્યાનમાર અને ફીઝી સહિત ૧૬ દેશોના ડેલીગેટસ ગુજરાતની મુલાકાતે આવ્યા છે.

આ પ્રસંગે ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી એ.જે. શાહ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડી.જી. મહેતા, આરોગ્ય અધિકારી ડૉ. નિલમ પટેલ હાજર રહ્યા હતા.

અમદાવાદ રીક્ષાચાલકો આજથી ૭૨ કલાકની હડતાળ પર ઉતરશે

ભાવવધારો પાછો નહીં ખેંચાય તો ઇન્કમટેક્સ સર્કલ પર ઉપવાસ આંદોલનની ચિમકી : સીએનજીનો સંપૂર્ણ ભાવ વધારો પાછો ખેંચવાની જોરદાર માંગણી

અમદાવાદ, તા.૧૬

ગુજરાતમાં સીએનજી પુરો પાડતી કંપની અદાણી દ્વારા ગેસના ભાવમાં કિલોદીઠ રૂપિયા ૭.૧૫નો વધારો કરાયો છે. જેના વિરોધમાં અમદાવાદ રિક્ષા ચાલક એસોસિએશન દ્વારા ગુરુવારની ૭૨ કલાકની હડતાળ ઉપર ઉતરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે અને સાથે સાથે સીએનજીનો સંપૂર્ણ ભાવ વધારો પાછો ખેંચવા માટેની માંગ કરવામાં આવી છે.

અદાણી દ્વારા સીએનજી ગેસમાં પ્રતિ કિલોદીઠ કરવામાં આવેલ રૂપિયા ૭.૧૫નાં ભાવ વધારાએ લોકોની કમર તોડી નાંખવાનું કામ કર્યુ છે. ત્યારે આ ભાવ વધારાની સમીક્ષા માટે આજે અમદાવાદ રીક્ષા એસોસિએશનની એક બેઠક મળી હતી જેમાં શહેરના જુદા જુદા વિસ્તારના રીક્ષા ચાલક મંડળોએ ભાગ લીધો હતો. બેઠકમાં તમામ રીક્ષાચાલક મંડળો દ્વારા સીએનજીમાં કરવામાં આવેલ કમરતોડ ભાવ વધારાને વખોડી કાઢવામાં આવ્યો હતો અને સંપૂર્ણ ભાવવધારા પાસે ફેંચવાની માંગ સાથે ગુરુવારથી ૭૨ કરાકની હડતાળ ઉપર જવાનું એલાન કરવામાં આવ્યું હતુ. આ હડતાળમાં અમદાવાદના તમામ રીક્ષા ચાલકો જોડાય તે માટે દરેક મંડળે પોત પોતાના વિસ્તારની જવાબદારી ઉપાડી લીધી છે. આ અંગે અમદાવાદ રીક્ષા ચાલક મંડળના કન્વિનરે જણાવ્યું હતુ કે સીએનજીમાં ભાવ વધારો રીક્ષાચાલકો માટે રોજી રોટી છિનવવા બરાબર છે સરકાર દ્વારા આ ભાવ વધારાને મંજુરી આવીને રીક્ષા ચાલકો સાથે વિશ્વાસઘાત કરવામાં આવ્યો છે. આ ભાવ વધારો પાછો ખેંચી સરકાર મહામુશ્કેલીથી ગુજરાત ચલાવતા રીક્ષાચાલકોને રાહત આપવી જોઈએ.

આ ઉપરાંત રીક્ષા ચાલક એસોસિએશન દ્વારા આગામી સમયમાં જો સીએનજીમાં ભાવવધારો પાછો નહીં ખેંચાય તો આગામી સમયમાં શહેરના ઈન્કમટેક્સ સર્કલ ખાતે ભૂખ હડતાળનું આયોજન કરવામાં આવશે. તેમ છતાં સરકાર દ્વારા કોઈ નિર્ણય નહીં કરવામાં આવે તો આગામી સમયાં અચોક્કસ મુદ્દતની હડતાળનું પણ આયોજન કરવામાં આવશે તેવી ચિમકી અમદાવાદ રીક્ષાચાલક એસોસિએશને ઉચ્ચારી હતી.

નવમો ક્રમ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સૂત્રોએ જણાવ્યું છે. શિક્ષણ વિભાગે સત્તાવાર પરિણામ જાહેર કરતાં જ જિલ્લાનો ક્રમ નવમો આવતાં શિક્ષણતંત્રના કર્મચારીઓમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

ગુણોત્સવમાં સારૂ પરિણામ મેળવવા માટે તંત્રએ આ વખતે કમર કસી હતી અને ગુણોત્સવ પૂર્વે પ્રિ. ગુણોત્સવનું આયોજન કરી ત્રુટીઓ શોધી તેને ગુણોત્સવ પૂર્વે જ દૂર કરી દેવાઈ હતી.

ગુણોત્સવમાં લેખન, ગણન અને વાંચન ક્ષમતાની કસોટી કરવામાં આવી હતી. વાંચન માટે આ વર્ષે તંત્રએ ખાસ ઝુંબેશનું પણ તાજેતરમાં અભિયાન યોજ્યું હતું જે ઉલ્લેખનીય છે.

જિલ્લાતંત્રએ ગુણોત્સવની આ સફળતાને આવકારી છે અને હજુ વધુ સારૂ પરિણામ આગામી દિવસોમાં મેળવવાનો સંકલ્પ પણ આજે લીધો છે.

ગુજરાત સરકાર
નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ઓનલાઈન જાહેર નિવિદા નં. ૧૬ સને ૨૦૧૨-૨૦૧૩

	કામનું નામ	અંદાજીત રકમ
૧.	દુકાળીયા વાંધા પર ઝાંઝવા પણાઈ ગામ પાસે બૃહદ ચેકડેમનું બાંધકામ તા. ખેડબ્રહ્મા	રૂ. ૩૪,૮૭ લાખ
૨.	દુકાળીયા વાંધા પર બહેડીયા ગામ પાસે બૃહદ ચેકડેમનું બાંધકામ. તા. ખેડબ્રહ્મા	રૂ. ૫૮.૯૭ લાખ
૩.	ઓનલાઈન ટેન્ડર ડાઉનલોડ/ અપલોડની છેલ્લી તારીખ	તા. ૨૪-૧-૨૦૧૩ ૧૮.૦૦ કલાક સુધી
૪.	ટેન્ડર ફી બાનાની રકમ તથા અન્ય ડૉક્યુમેન્ટ રજૂ કરવાની તારીખ	તા. ૨૫-૧-૨૦૧૩ થી તા. ૩૧-૧-૨૦૧૩ ૧૬-૦૦ કલાક સુધી
૫.	ટેન્ડર ખોલવાની તારીખ, (ઓનલાઈન) વર્તુળ કચેરી.	તા. ૧-૨-૨૦૧૩ ૧૨-૦૦ કલાક

કચેરીનું સરનામું
(અ) અધિક્ષક ઈજનેરશ્રી, હિંમતનગર સિંચાઈ યોજના વર્તુળ હિંમતનગર. સિંચાઈ ભવન, દુર્ગા સાઈટ. ફોન નં. ૦૨૭૭૨-૨૪૦૭૭૧, ૨૪૧૭૭૦. પીન ૩૮૩૦૦૧.
(બ) કાર્યપાલક ઈજનેરશ્રી, યોજના બાંધકામ વિભાગ નં.૩ હિંમતનગર, સિંચાઈ ભવન, દુર્ગા સાઈટ ફોન નં. ૦૨૭૭૨-૨૪૫૦૫૬

વધુ વિગત માટે કચેરી સમય દરમિયાન ઉપરોક્ત કચેરીનો સંપર્ક સાધવા તથા www.statetenders.com તેમજ www.nwr.nprocure.comની વેબસાઈટ જોવા વિનંતી છે. **ક્રમાંક ના.માનિ/હિંમત/૪૩૮/૨૦૧૩**